### એસટી બસોની અછત સામે સાંકરદામાં વિદ્યાર્થીઓનો ચક્કાજામ

# વડોદરા-વાસદ-આણંદ રૂટ પર પૂરતી બસો નહીં મળતાં વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતર્યા

**પોલીસની** સમજાવટ બાદ ટ્રાફિક પૂર્વવત, પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચેતવણી



(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના સાંકરદા ગામ નજીક મંગળવારે સવારે એસટી બસોની અછત અને અનિયમિત સેવાના વિરોધમાં વિદ્યાર્થીઓએ ચક્કાજામ કરીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વડોદરા, વાસદ અને આણંદ રૂટ પર પૂરતી અને સમયસર બસો ન મળતાં વિદ્યાર્થીઓએ રસ્તા પર બેસીને બસો રોકી દેતા થોડા સમય માટે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો.

વિદ્યાર્થીઓનું કહેવું છે કે દરરોજ કોલેજ અને શાળાએ જવા-આવવામાં ભારે મુશ્કેલી પડે છે. બસો મોડી આવતી હોવાથી અભ્યાસને અસર થાય છે, જ્યારે ઘણી વખત બસોમાં એટલી ભીડ હોય છે કે વિદ્યાર્થીઓને બસમાં ચઢવાની પણ તક મળતી નથી. આ સમસ્યા અંગે અગાઉ અનેક વખત રજૂઆતો કરવા છતાં એસટી તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. જેના કારણે વિદ્યાર્થીઓને વિરોધનો માર્ગ અપનાવવાની ફરજ પડી હોવાનું તેમણે જણાવ્યું હતું.

ચક્કાજામને કારણે વડોદરા-વાસદ માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિક સંપૂર્ણપણે પ્રભાવિત થયો હતો. ઘટનાની જાણ થતાં જ નંદેશરી પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીને તેમને સમજાવ્યા બાદ રસ્તો ખુલ્લો કરાવ્યો અને ટ્રાફિક વ્યવહાર પૂર્વવત શરૂ કરાવ્યો હતો.

આ પ્રશ્ન અંગે સ્થાનિક ધારાસભ્ય કેતન ઈનામદારે પણ અગાઉ એસટી નિગમને લેખિત રજૂઆત કરીને સાંકરદા સહિતના વિસ્તારોમાં વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ વધારાની બસો ફાળવવાની માંગ કરી હતી. તેમ છતાં તંત્ર તરફથી કોઈ સંતોષકારક કાર્યવાહી ન થતાં વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓએ ચેતવણી આપી છે કે જો આગામી દિવસોમાં વડોદરા, વાસદ અને આણંદ રૂટ પર નિયમિત સમયસર અને પૂરતી એસટી બસોની વ્યવસ્થા કરવામાં નહીં આવે તો વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## આજે આર્ટ ઓફ લિવિંગ દ્વારા માંજલપુર ખાતે મહાસત્સંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે આર્ટ ઓફ લિવિંગ, વડોદરા ચેપ્ટર દ્વારા 29 જુલાઈએ સાંજે 7 વાગ્યે માંજલપુર સ્થિત આત્મીયધામ (અવધૂત ફાટક પાસે) ખાતે ભવ્ય મહાસત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં આર્ટ ઓફ લિવિંગના જાણીતા ભજન ગાયક ગૌતમ ડાબીરજી ભક્તિમય સત્સંગનું નેતૃત્વ કરશે. ભજન, ધ્યાન અને આધ્યાત્મિક વાતાવરણથી સભર કાર્યક્રમમાં ઉપસ્થિતોને શાંતિ, આનંદ અને આંતરિક ઊર્જાનો અનુભવ કરાવવાનો ઉદ્દેશ છે. કાર્યક્રમ બાદ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આર્ટ ઓફ લિવિંગ દ્વારા વડોદરાવાસીઓને પરિવાર અને મિત્રો સાથે ઉપસ્થિત રહી ગુરુપૂર્ણિમાની ઉજવણીમાં સહભાગી બનવા આમંત્રણ આપવામાં આવ્યું છે. ગુરુપૂર્ણિમા ભારતીય સંસ્કૃતિમાં ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને જીવનમાં મળેલા જ્ઞાન તથા આધ્યાત્મિક માર્ગદર્શનનું સ્મરણ કરવાનો પવિત્ર તહેવાર માનવામાં આવે છે.

## ફૂટપાથ ધસી પડતાં ભયનો માહોલ: જાંબુવા ખાતે ભુવો પડતાં કામગીરી સામે સવાલો



■ વડોદરામાં ઓછા વરસાદ છતાં રસ્તાઓ અને ફૂટપાથ ધસી પડવાના બનાવોથી લોકોમાં આશ્ચર્ય સાથે ભય વ્યાપ્યો છે. જાંબુવા ચેકપોસ્ટ સામે ફૂટપાથમાં ભુવો પડતાં સ્થાનિકોએ પાલિકાની કામગીરીની ગુણવત્તા સામે અસંતોષ વ્યક્ત કર્યો છે. રસ્તાના ખાડા પુરાતાં જ ફૂટપાથ ધસતાં, લોકોએ મોટી દુર્ઘટના ટાળવા તાત્કાલિક યોગ્ય સમારકામની કડક માંગ કરી છે.

## રિક્શામાં મહિલાની થેલી કાપી ૯૬ હજારની સોનાની બુટીની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

વડોદરામાં જાહેર રિક્શામાં મુસાફરી કરતી મહિલા પળવારમાં ચોરીનો શિકાર બની હતી. જ્વેલર્સ પાસેથી ખરીદેલી **રૂ. 96 હજારની સોનાની બુટી** અજાણ્યા શખ્સે થેલી કાપી ચોરી કરી લીધી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

દાલીયાવાડી વિસ્તારની મીનાબેન ચુનારાએ હરિકૃષ્ણ જ્વેલર્સમાંથી સોનાની બુટી ખરીદ્યા બાદ માંડવીથી ભારતી સ્કૂલ જવા જાહેર રિક્શામાં મુસાફરી કરી હતી. તેમની બાજુમાં ચહેરો ઓઢણીથી ઢાંકેલી એક અજાણી મહિલા બેઠી હતી. ઘરે પહોંચ્યા બાદ થેલી તપાસતાં તેમાં ધારદાર વસ્તુથી કાપો મારવામાં આવ્યો હોવાનું અને સોનાની બુટી ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. મીનાબેને અજાણી મહિલા પર ચોરીની શંકા વ્યક્ત કરીને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી રિક્શા ચાલકના નિવેદનો, આસપાસના સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે અજાણી મહિલાની શોધખોળ શરૂ કરી છે.

## ડેન્ગ્યુ રોકવા વિદ્યાર્થીઓ બન્યા હેલ્થ વોરિયર્સ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગોની રોકથામ માટે જનજાગૃતિ અભિયાન હાથ ધરાયું છે. ઉત્તર ઝોનના શિયાબાગ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા ડોંગરેજી મહારાજ પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલ ખાતે ડેન્ગ્યુ નિયંત્રણ અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયાના કારણો, લક્ષણો તથા બચાવના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. ધોરણ-8ના વિદ્યાર્થીઓને 'હોમવર્ક કાર્ડ' આપવામાં આવ્યા છે, જેના દ્વારા તેઓ પોતાના ઘર અને આસપાસના વિસ્તારમાં પાણી ભરાતા સ્થળોની તપાસ કરી મચ્છરના પોરા અંગે નોંધ કરશે. આ પ્રસંગે ઉપસ્થિત તબીબો અને અધિકારીઓએ વિદ્યાર્થીઓને 'ચેક-ક્લીન-કવર' સૂત્ર અપનાવી સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં નગરસેવકો, બાયોલોજિસ્ટ અને આરોગ્ય કેન્દ્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મ.સ.યુનિ.ની પોલિટેકનિકમાં 'વિદ્યાંજલિ-૨૦૨૬'નુંઆયોજન

**ગુરુપૂર્ણિમા** નિમિત્તે નિવૃત્ત અને વરિષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી સંચાલિત પોલિટેકનિક કોલેજ ખાતે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે 'વિદ્યાંજલિ-2026' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત આચાર્યો, વિભાગીય વડાઓ, લેક્ચરર્સ તેમજ વર્તમાન વરિષ્ઠ શિક્ષકોનું પુષ્પગુચ્છ અને સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્ય વક્તા તરીકે કન્સલ્ટન્ટ-પાવર સિસ્ટમ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયર તરંગ ઠક્કરે વિદ્યાર્થીઓને ટેકનિકલ ક્ષેત્રમાં કારકિર્દીની તકો, નવી ટેકનોલોજી અને વ્યાવસાયિક જીવનમાં મૂલ્યોના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમ નવી શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત યોજાયો હતો. તેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ભારતીય જ્ઞાન પરંપરા, વૈશ્વિક માનવ મૂલ્યો અને ગુરુ-શિષ્ય પરંપરા પ્રત્યે આદરની ભાવના વિકસાવવાનો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પોલિટેકનિક કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ જીતેન્દ્ર વાઘવાએ જણાવ્યું હતું કે, ગુરુપૂર્ણિમા જેવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં ગુરુ પ્રત્યે આદર, સંસ્કાર અને ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોને મજબૂત બનાવે છે. NEP-2020ના અસરકારક અમલીકરણ માટે આવા શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો મહત્વની ભૂમિકા ભજવે છે.

## ૮૧ વર્ષની ઉંમરે રોબોટિક સર્જરીથી પ્રોસ્ટેટ કેન્સરને માત

વડોદરા: એચસીજી કેન્સર સેન્ટર, વડોદરામાં 81 વર્ષના પ્રોસ્ટેટ કેન્સરના દર્દીની અદ્યતન રોબોટિક સર્જરી દ્વારા સફળ સારવાર કરવામાં આવી છે. સર્જરી બાદ દર્દીને માત્ર ત્રણ દિવસમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દર્દીને લાંબા સમયથી પેશાબ સંબંધિત તકલીફ હતી. તપાસ દરમિયાન પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન થતાં વિવિધ હોસ્પિટલોમાં સલાહ લેવામાં આવી હતી. બાદમાં એચસીજી કેન્સર સેન્ટરમાં નિષ્ણાતોની મલ્ટિડિસિપ્લિનરી ટ્યુમર બોર્ડે દર્દીની સંપૂર્ણ આરોગ્ય સ્થિતિનું મૂલ્યાંકન કરીને રોબોટિક-સહાયિત રેડિકલ પ્રોસ્ટેટેક્ટોમી કરવાનો નિર્ણય લીધો. કન્સલ્ટન્ટ યુરો ઓન્કોલોજિસ્ટ અને રોબોટિક સર્જન ડૉ. સમકિત શર્માએ સફળતાપૂર્વક સર્જરી કરી. તેમના જણાવ્યા મુજબ સારવારનો નિર્ણય માત્ર ઉંમરને આધારે નહીં પરંતુ દર્દીની ફિટનેસ અને આરોગ્યની સ્થિતિને ધ્યાનમાં રાખીને લેવામાં આવે છે.

### રોડ, ગટર, પાણી, વીજળી અને શિક્ષણ સહિતની સુવિધાઓની માંગ

# ગુતાલ ગામની પાયાની સુવિધાઓ માટે ગ્રામજનો દ્વારા કલેક્ટરને આવેદન અપાયું

**પ્રશ્નોનો** ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની કરણી સેના અને ગ્રામજનોની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

વડોદરા તાલુકાના વાઘોડિયા વિધાનસભા વિસ્તારના ગુતાલ ગામમાં પાયાની સુવિધાઓના અભાવે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વર્ષોથી રોડ, ગટર, પીવાનું પાણી, વીજળી અને અન્ય મૂળભૂત સુવિધાઓથી વંચિત રહેલા ગ્રામજનોએ ક્ષત્રિય કરણી સેના પરિવારના આગેવાનો સાથે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી વિરોધ નોંધાવ્યો હતો. તેમણે મામલતદારને આવેદનપત્ર આપી ગામના પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી હતી.

ગ્રામજનોના જણાવ્યા મુજબ ગામમાં આજે પણ પાકા રસ્તા, ગટર વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ અને પીવાના શુદ્ધ પાણી જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. ઉપરાંત વસાહતની વચ્ચે સ્મશાન માટે જમીન ફાળવવામાં આવતા લોકોમાં ભારે અસંતોષ ફેલાયો છે. ગ્રામજનોએ આ નિર્ણયનો વિરોધ કરી સ્મશાન માટે અન્ય યોગ્ય સ્થળ પસંદ કરવાની માંગ કરી છે. ગામમાં શિક્ષણ અને આરોગ્ય સંબંધિત સુવિધાઓ પણ પૂરતી ઉપલબ્ધ ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

કરણી સેનાના આગેવાનોએ જણાવ્યું હતું કે, અગાઉ પણ અનેક વખત સ્થાનિક તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ માત્ર ખાતરીઓ આપવામાં આવી અને કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. જો ટૂંક સમયમાં ગામના પ્રશ્નોનું કાયમી નિરાકરણ નહીં આવે તો વાઘોડિયા તાલુકાના લોકો સાથે મળીને વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. તેની સંપૂર્ણ જવાબદારી વહીવટી તંત્રની રહેશે તેવી ચેતવણી પણ આપવામાં આવી હતી. ગ્રામજનોએ વિકાસના દાવાઓ વચ્ચે પોતાના ગામને પણ મૂળભૂત સુવિધાઓ મળે તેવી માંગ પુનરોચ્ચાર કરી હતી.

## મધ્યસ્થ મહિલા જેલમાં સદાબહાર ગીતોનો કાર્યક્રમ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

શ્રી સરદારભવન ટ્રસ્ટ દ્વારા **29 જુલાઈ (બુધવાર)**ના રોજ બપોરે 3:30 વાગ્યે વડોદરા મધ્યસ્થ મહિલા જેલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ટ્રસ્ટના પ્રમુખ અનુજભાઈ પટેલના સહયોગથી યોજાનારા કાર્યક્રમમાં હિન્દી ફિલ્મોના સદાબહાર અને દેશભક્તિના ગીતોની રજૂઆત કરાશે.

કાર્યક્રમ દરમિયાન મહિલા બંદીવાનોને ખાદીના ટુવાલનું વિતરણ પણ કરવામાં આવશે. ટ્રસ્ટના આયોજક ભુપેન્દ્રભાઈ મિસ્ત્રી સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે. આયોજકોના જણાવ્યા મુજબ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલા બંદીવાનોમાં હકારાત્મકતા, આત્મવિશ્વાસ અને માનસિક ઉત્સાહ વધારવાનો છે, જેથી તેઓને સાંસ્કૃતિક અને પ્રેરણાત્મક વાતાવરણનો લાભ મળી શકે. આ કાર્યક્રમ મહિલા બંદીવાનોને સમાજ સાથે ભાવનાત્મક રીતે જોડવાનો પણ એક અર્થપૂર્ણ પ્રયાસ બનશે.

### નર્મદાની વચ્ચે શ્રદ્ધાળુઓ સાથે ગાળાગાળી અને ધમકી આપ્યાનો આરોપ

# ચાણોદમાં અસ્થિ વિસર્જન કરવા આવેલા પરિવાર સાથે નાવિકોની ગુંડાગીરીનો આક્ષેપ

**નાવિકો** સામે કડક કાર્યવાહી અને ભાડા-સુરક્ષા માટે નિયમો નક્કી કરવાની ઉઠી માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના પવિત્ર યાત્રાધામ ચાણોદ નર્મદા કિનારે અસ્થિ વિસર્જન માટે આવેલા શ્રદ્ધાળુ પરિવાર સાથે નાવિકોએ ગેરવર્તન કર્યું હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. આ ઘટનાએ યાત્રાધામની સુરક્ષા અને વ્યવસ્થાને લઈને અનેક સવાલો ઊભા કર્યા છે.

મળતી માહિતી મુજબ, ગોધરાથી એક પરિવાર સ્વજનના અસ્થિ વિસર્જન માટે ચાણોદ પહોંચ્યો હતો. વિધિ માટે નર્મદા નદીની વચ્ચે લઈ જતી હોડીમાં બાળકો દ્વારા માછલીઓને ખવડાવવા મમરા નાખવામાં આવ્યા હતા. પવનના કારણે થોડા મમરા હોડીમાં પડતા નાવિક અને તેના સાથીદારો ઉશ્કેરાયા હતા. ત્યારબાદ તેમણે શ્રદ્ધાળુઓ સાથે ગાળાગાળી કરી, અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો અને હુમલો કરવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પરિવાર સાથે મહિલાઓ અને બાળકો પણ હોવાથી તેઓ ભયભીત બની ગયા હતા. નદીની વચ્ચોવચ હોવાથી કોઈ વિરોધ કરી શક્યા ન હતા અને ભયના વાતાવરણમાં વિધિ પૂર્ણ કરીને પરત ફરવું પડ્યું હતું. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ચાણોદમાં કેટલાક નાવિકો દ્વારા શ્રદ્ધાળુઓ સાથે ગેરવર્તન અને મનસ્વી વર્તનની ફરિયાદો અગાઉ પણ સામે આવી ચૂકી છે. આથી જિલ્લા તંત્ર અને સંબંધિત વિભાગે ગેરકાયદે નાવિકો સામે કડક કાર્યવાહી કરે, નાવના ભાડા અને સુરક્ષાના નિયમો નક્કી કરે તેમજ યાત્રાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરે તેવી માંગ ઉઠી છે. આ અંગે સત્તાધીશોને લેખિત રજૂઆત કરવાની પણ તૈયારી દર્શાવવામાં આવી છે.

## મહાકાલ સેના સેવા ટ્રસ્ટ દ્વારા કુંવારિકાઓને મહાપ્રસાદીનું વિતરણ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૮

વડોદરા શહેરના ગોત્રી ગામ તળાવ ખાતે આવેલા પારેશ્વર મહાદેવ અને ક્ષત્રિય વીર ભાથીજી મહારાજના સાનિધ્યમાં પવિત્ર ગૌરીવ્રત પર્વ નિમિત્તે મહાકાલ સેના સેવા ટ્રસ્ટ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભવ્ય સેવાકીય કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૌરીવ્રત આરાધના કરી રહેલી કુંવારીકાઓના ઉત્સાહમાં વધારો કરવાના હેતુથી સંસ્થાના સેવાભાવી સ્વયંસેવકો દ્વારા વ્રત કરતી કુંવારિકાઓને ડ્રાયફ્રુટ્સ, વેફર તેમજ કેળાની પૌષ્ટિક પ્રસાદીનું આદરપૂર્વક વિતરણ કરવામાં આવ્યું હતું.

આ શુભ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારો અને સ્વયંસેવકોએ ઉપસ્થિત રહી કુંવારિકાઓને વ્રતની શુભકામનાઓ પાઠવી હતી. તેમજ મહાકાલ દાદા સમક્ષ પ્રાર્થના કરવામાં આવી હતી કે, વ્રત કરતી દરેક કુંવારિકાના ઉત્તમ સ્વાસ્થ્યની સાથે તેમની તમામ મનોકામનાઓ પૂર્ણ થાય. આ ભગીરથ અને સફળ કાર્યને પાર પાડવા માટે મહાકાલ સેના સેવા ટ્રસ્ટના તમામ યુવાન ભાઈઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્થા દ્વારા આ સેવાકાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ-સહકાર આપનાર તમામ દાતાઓ અને કાર્યકરોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### સાવલીના મુવાલ ગામના યુવકને નડ્યો ગંભીર અકસ્માત

# હાલોલથી નોકરી પુરી કરી પરત ફરતાં યુવાન હિટ એન્ડ રનનો ભોગ બન્યો

**બાઈક** બંધ પડતાં રસ્તા પર દોરી જતો યુવક અજાણ્યા વાહનની ટક્કરથી ગંભીર રીતે ઘાયલ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૮

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મુવાલ ગામના યુવક સાથે હિટ એન્ડ રનની ગંભીર ઘટના બની છે. હાલોલમાં નોકરી કરીને ઘરે પરત ફરી રહેલા યુવકને અજાણ્યા વાહને ટક્કર મારતાં તે ગંભીર રીતે ઘાયલ થયો છે. હાલ તેની સારવાર વડોદરાની સયાજી હોસ્પિટલના ICUમાં ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ, મુવાલ ગામના રહેવાસી પૂનમભાઈ ભૈલાલભાઈ ઠાકરડા નોકરી પરથી ઘરે પરત ફરી રહ્યા હતા. શેરપુરા અને ગ્રીન પ્લાય કંપની વચ્ચેના માર્ગ પર તેમની બાઈક અચાનક બંધ પડી જતાં



તેઓ બાઈકને રસ્તા પરથી દોરી રહ્યા હતા. તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવેલા અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો અને કોઈ મદદ કર્યા વિના સ્થળ છોડીને નાસી ગયો હતો. અકસ્માતમાં પૂનમભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તબીબોના જણાવ્યા મુજબ તેમની સ્થિતિ ગંભીર હોવાથી ICUમાં સારવાર આપવામાં આવી રહી છે. તબીબી ટીમ સતત તેમની સ્થિતિ પર નજર રાખી જરૂરી સારવાર આપી રહી છે.

ઘટનાની જાણ થતાં પરિવારજનો હોસ્પિટલ પહોંચ્યા હતા. પરિવારે પોલીસ સમક્ષ હિટ એન્ડ રન કરનાર વાહનચાલકને ઝડપીને કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આસપાસના CCTV ફૂટેજ, સ્થાનિક લોકોના નિવેદનો અને અન્ય પુરાવાના આધારે ફરાર વાહનચાલકની શોધખોળ શરૂ કરી છે.

## ગુરુપૂર્ણિમાએ ગણેશનગરમાં શ્રી સત્યનારાયણ કથા, ગુરુપૂજન અને મહાભંડારાનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૮

ગુરુપૂર્ણિમા નિમિત્તે ફતેગંજ બુદ્ધેશ્વર મહાદેવના બ્રહ્મલીન મહારાજ શ્રી પારસગીરી લાલ પ્રસાદ મહારાજના સેવકો દ્વારા 29 જુલાઈ (બુધવાર)ના રોજ ગણેશનગર, ડભોઈ રોડ સ્થિત સુએઝ પમ્પિંગ સ્ટેશન પાસે આવેલી ક્ષત્રિય ખટીક સમાજ (મારવાડી) વાડીમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સવારે 6 વાગ્યે શ્રી સત્યનારાયણ ભગવાનની કથા, ગુરુ પાદુકા પૂજન, વિષ્ણુ મહાયજ્ઞ તથા વિષ્ણુસહસ્ત્રનામના પાઠ યોજાશે. ત્યારબાદ સવારે 9થી બપોરે 2 વાગ્યા સુધી ભાવિકો માટે જાહેર મહાભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજકોએ તમામ શ્રદ્ધાળુઓને ધાર્મિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા યાદી જણાવ્યું છે.


**મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**
Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 19-એનઈ, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

**ડિમાન્ડ નોટિસ**

સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) સાથે વાંચવામાં આવતા સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 (1) હેઠળ.
અધોહસ્તાક્ષરકર્તા સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉક્ત કાયદો) હેઠળ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી છે. સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચવામાં આવતી ઉક્ત કાયદાની કલમ 13(2) હેઠળ મળેલી સત્તાઓની રૂએ અધિકૃત અધિકારીએ ઉક્ત કાયદાની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસો જારી કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) ("ઉક્ત દેવાદાર") પાસે તેમને જારી કરાયેલ સંબંધિત ડિમાન્ડ નોટિસ(સો)માં દર્શાવેલ રકમ ચૂકવવા માટે જણાવ્યું છે, જે નીચે મુજબ પણ આપવામાં આવી છે.
ઉપરોક્તના સંદર્ભમાં, આ નોટિસના પ્રકાશનના 60 દિવસની અંદર, અહીં નીચે દર્શાવેલ રકમ, સાથે ઉક્ત દેવાદારો દ્વારા કરવામાં આવેલ લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લેખિતો હેઠળ ચૂકવવાપાત્ર, નીચે દર્શાવેલ તારીખોથી ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી ઉક્ત ડિમાન્ડ નોટિસોમાં જણાવ્યા મુજબ દર મહિને 2%ના વધારાના વ્યાજ સાથે MHILને ચૂકવવા માટે ઉક્ત દેવાદારને આથી ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય ચુકવણીની સુરક્ષા (જામીનગીરી) તરીકે, ઉક્ત દેવાદારો દ્વારા સંબંધિત નીચેની અસ્કયામતો MHILને ગીરો મૂકવામાં આવી છે.

| અ. નં. | દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો)/ જામીનદારનું નામ/લોન એકાઉન્ટ નં./શાખા | કુલ બાકી લેણી રકમ (રૂ.) | ડિમાન્ડ નોટિસની તારીખ | સુરક્ષિત અસ્કયામત (સ્થાવર મિલકત) નું વર્ણન |
|---|---|---|---|---|
| 1. | વિશાલકુમાર સુરેશભાઈ પટીયાર / ભાવિનીબેન વિશાલકુમાર પટીયાર / સુરેશભાઈ શિવાભાઈ પટીયાર / VDO-HL-000578 / વડોદરા | રૂ. 33,40,077/- (રૂપિયા તેત્રીસ લાખ ચાલીસ હજાર સત્યોતેર પૂરા) | 11-Jul-2026 | "શ્રી સિદ્ધેશ્વર હાઈસ્ટ્રીટ" ના ટાવર D ના પ્રથમ માળે આવેલ ફ્લેટ નં. 102 (ફ્લેટ નં. D-102), જેનું કાર્પેટ એરિયા આશરે 64.83 ચોરસ મીટર, બાલ્કની કાર્પેટ એરિયા આશરે 03.08 ચોરસ મીટર, તથા સામાન્ય જમીન વિસ્તારનો અવિભાજિત હિસ્સો આશરે 25.16 ચોરસ મીટર છે. જે મિલકત R.S. નં. 159 (જેનું ક્ષેત્રફળ આશરે 0-88-02 ચો.મીટર, તથા ક્ષેત્રફળ આશરે 0-01-01 ચો.મીટર), T.P. નં. 32, મૂળ ખંડ નં. 34, F.P. નં. 34/1 (જેનું ક્ષેત્રફળ આશરે 3689 ચો.મીટર), F.P. નં. 34/2 (જેનું ક્ષેત્રફળ આશરે 1653 ચો.મીટર), જેનું કુલ ક્ષેત્રફળ આશરે 5342 ચો.મીટર ધરાવતી જમીન પર આવેલ છે, સ્થળ મોજે ગામ: વડસર, સબ ડિસ્ટ્રિક્ટ: વડોદરા, જિલ્લો: વડોદરા. ઉક્ત મિલકતની સીમાઓ:- પૂર્વ: ગ્રાઉન્ડ ફ્લોર પર કોમન રોડ, પશ્ચિમ: કોમન સીડી, પેસેજ અને લિફ્ટ, ઉત્તર: ટાવર D નો ફ્લેટ નં. D-101, દક્ષિણ: ટાવર E નો ફ્લેટ નં. E-101. |

જો ઉક્ત દેવાદારો ઉપરોક્ત દર્શાવ્યા મુજબ MHILને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો MHIL કાયદાની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ સંપૂર્ણપણે ઉક્ત દેવાદારોના જોખમે અને ખર્ચ તેમજ પરિણામોની જવાબદારી સાથે ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતો સામે કાર્યવાહી કરશે.
ઉક્ત દેવાદારોને MHILની પૂર્વ લેખિત સંમતિ વિના વેચાણ, લીઝ કે અન્ય કોઈ પણ પ્રકારે ઉપરોક્ત અસ્કયામતોની ટ્રાન્સફર કરવા પર આ કાયદા હેઠળ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જે પણ વ્યક્તિ ઉક્ત કાયદા અથવા તેના હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે અથવા ઉલ્લંઘન કરવામાં મદદ કરશે, તે કાયદા હેઠળ પૂરી પાડવામાં આવેલી કેદ અને/અથવા દંડની સજાને પાત્ર થશે.

તારીખ: 29 જુલાઈ, 2026
સ્થળ: વડોદરા

સહી/- અધિકૃત અધિકારી,
મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ**

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૫૮૭૦૦૩૭૬ | હોમ લોન | ૧. કિશોરભાઈ કાંતિભાઈ સારણીયા<br>૨. ધીરજબેન સારણીયા | ૧૮.૦૭.૨૦૨૬ | રૂ.૩,૧૦,૪૪૭.૪૮ |

**મિલકત નુ સરનામુ :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતુ રહેણાક નુ ઘર જેનો ગ્રામ પંચાયત મિલકત નં. ૧૩૬, મિલકત નો માપ ૧૦૪૦ ચો.ફુટ મિલકત ગામ સાંપિયા ના ગામતળ માં તાલુકા દેસર જી. વડોદરા–ગુજરાત–૩૯૧૫૩૦ ખાતે આવેલ છે **જેની ચર્તુદિશા : પૂર્વ તરફ** :વાડો,**પશ્ચિમ તરફ** : શીકલીગર પુજાભાઈ નુ ઘર,**ઉત્તર તરફ** :આર સીસી નો રોડ **દક્ષિણ તરફ** : શીકલીગર મંગલભાઈ નાથાભાઈ નુ ઘર આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૨૯.૦૭.૨૦૨૬
સ્થળ : વડોદરા,ગુજરાત



**Dakshin Gujarat Vij Company Limited**
DGVCL
CIN U40102GJ2003SGC042909
Sachin Division
Plot No. 325, Road No. 3, GIDC Sachin,
Near Palival Chokdi, Sachin-394230
DGVCL Toll Free No.: 19123 (or 1800 233 3003)

**Tender**

Tenders are invited for ARC work of laying, testing and commissioning of 11/22 kV underground XLPE cable (11/22 kV XLPE cable to be supplied by DGVCL) along with 11/22 kV cable end termination and straight joint kits (to be supplied by the contractor), including dismantling of poles and other allied works; Hiring of Diesel-Driven, Non AC, Closed-Body Utility Bolero-type Vehicle; Tender for ARC Annual Cleaning/ Housekeeping Work. Vendors may visit https://tender.nprocure.com for view, download and online submission of the tenders.

EE (O&M), Sachin Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents



**ઓનલાઇન ટેન્ડરીંગ**
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
''ઇ'' પ્રોક્યોરમેન્ટ નોટીસ નં.૦૮ સને ૨૦૨૬-૨૭
ગુજરાત સરકાર
Equity Efficiency Sustainability WRD

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા-૩૮૯૦૦૧ જી. પંચમહાલ, ફોન નં.(૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી ૦૧ (એક) કામો માટે ઓનલાઇન ભાવો એસ.બી.ડી ફોર્મ માં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૭૫.૭૯ લાખ સુધીની છે.

ઓનલાઇન ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ http://nwr.nprocure.com પર તા.૧૪/૦૮/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

જ્યારે કામના ઓનલાઇન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૨૧/૦૮/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી.થી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોક્ત વેબસાઇટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/ગોધરા/૩૪૫/૨૬